પત્રિકા
૨૧૧

# ચિરાગે હિદાયત

૧૯/૦૫/૧૯
૧૩ રમઝાન

## ઈમામ હસન(અ.સ.)

માહે રમઝાનની ૧૫મી તારીખ અહલેબૈત(અ.મુ.સ.)ની ખુશીથી મનસુબ આ દિવસે આવો મૌલા અલી(અ.સ.) અને જનાબે ઝહરા(સ.અ.)ને મુબારકબાદ આપીએ કે જેમને ત્યાં એ નૂરની વિલાદત થઈ જેનાથી અલ્લાહ તઆલાએ લવ્હ અને કલમને ખલ્ક કરી. આ અઝીમ શખ્સીય્યત ઈમામતની બીજી કડી ઈમામ હસન(અ.સ.) કે જેમનો લકબ મુજતબા અને કુન્નીયત અબુ મોહમ્મદ હતી.

હઝરત ઈમામ હસન(અ.સ.)ના જન્મથી હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના ઘરમાં આનંદ છવાઈ ગયો હતો. કારણકે જ્યારે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના પુત્રોનો એક પછી એક ઈન્તેકાલ થઈ ગયો અને મુશરીકો આપને મેણા મારતા તો અલ્લાહ તઆલાએ આપને દિલાસો આપવા સૂરએ કૌસર નાઝિલ કર્યો અને આ સૂરામાં જે વચન આપવામાં આવ્યુ હતું તે પુરૂ થવાની શરૂઆત આ નવ મવલુદથી થઈ.

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને ઈમામ હસન(અ.સ.) ખુબજ વ્હાલા હતા, અબુ હુરેરાહથી રિવાયત છે કે એક દિવસ હું હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) સાથે બજારથી આવી રહ્યો હતો, આપ(સ.અ.વ.) જનાબે ફાતેમા(અ.સ.)ના ઘરે તશરીફ લઈ ગયા અને કહ્યું 'મારો ફરઝંદ ક્યાં છે?' થોડાક જ સમયમાં ઈમામ હસન(અ.સ.) ત્યાં દોડતા આવ્યા અને

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને વળગી પડ્યા. આપ(સ.અ.વ.) કહેવા લાગ્યા 'ખુદાવંદા! હું આ પુત્રને ચાહું છું તું પણ તેનાથી મોહબ્બત રાખ.'

ઈમામ હસન(અ.સ.)નું બાળપણ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની સાથે પસાર થયું, આપ(અ.સ.)ની ઉંમર સાત વર્ષની હતી ત્યારે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ઉપર વહી આવતી. આપ તેનું વર્ણન હઝરત ઈમામ હસન(અ.સ.) પાસે કરાવતા અને પછી જ્યારે ઘરે આવતા તો વહીનો શબ્દે શબ્દ પોતાની માદરે ગીરામીને બયાન કરતા.

ઈમામ હસન(અ.સ.)ની સખાવત, આપનું ઈલ્મ, નમ્રતા, મહેમાન નવાઝી ખુબજ મશહૂર છે. આવો ઈમામ હસન(અ.સ.)ની ઝિંદગીનો એક અજોડ વાકેઓ જોઈએ.

જ્યારે હઝરત અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ને જાહેરી ખિલાફત મળી ત્યારે મોઆવીયાએ તેમની સામે બગાવત કરી અને જંગના શોલા ભડકવા લાગ્યા, આવા સમયે કૈસરે રોમના બાદશાહે મોઆવીયાને પત્ર લખ્યો અને કહ્યુ કે તમારા ખાનદાનનો કોઈ બાખબર શખ્સને મારી પાસે મોકલો અને એવી જ રીતે મૌલા અલી(અ.સ.)ને પત્ર લખ્યો કે તમારો કોઈ નુમાઈન્દો મોકલો જેનાથી હું વાતચીત કરવા ચાહું છું અને પછી ફેંસલો કરશું કે ખિલાફત અને હુકૂમતનો હકદાર કોણ છે?

જ્યારે આ પત્ર મુઆવીયાને મળ્યો તો તેણે પોતાના દીકરા યઝીદને મોકલ્યો અને હઝરત અલી(અ.સ.)એ પોતાના દીકરા ઈમામ હસન(અ.સ.)ને મોકલ્યા.

જ્યારે આ બંને જણા કૈસરે રોમના દરબારમાં પહોંચ્યા તો બાદશાહે બંનેની અલગ-અલગ મુલાકાત કરી અને પછી પહેલા યઝીદને બોલાવ્યો અને પોતાના ખઝાનેદારની પાસે ૩૧૩ પેટીઓ મંગાવી, જેમાં અંબીયાઓ(અ.મુ.સ.)ની તસ્વીરો હતી. પછી તે પેટીમાંથી એક પછી એક તસ્વીર કાઢતો ગયો અને દરેક તસ્વીરના બારામાં યઝીદથી સવાલ કર્યો કે કોની છે? યઝીદે તમામ તસ્વીરોના બારામાં પોતાની લાઈલ્મીનો ઈઝહાર કર્યો.

કૈસરે રોમે પછી યઝીદને પુછ્યુ કે 'અચ્છા બતાવ કે મખ્લુકાતનું રિઝ્ક ક્યાંથી આવે છે અને મર્યા પછી એહલે ઈમાનની રૂહો ક્યાં જમઅ થાય છે અને કાફિરોની રૂહો ક્યાં જમઅ થાય છે?' યઝીદે આ મસઅલા ઉપર પર પોતાની લાઈલ્મીનો ઈઝહાર કર્યો.

આ પછી કૈસરે રોમે ઈમામ હસન(અ.સ.)ને પોતાની પાસે બોલાવ્યા અને એમને કહ્યું કે મેં પહેલા યઝીદને એટલા માટે બોલાવ્યો કે યઝીદને ખબર પડી જાય કે આપ એ જાણો છો જે એને નથી ખબર (તે નથી જાણતો) અને જે તમારી વાલેદાહ જાણે છે તે તેની વાલેદાહ નથી જાણતી. પછી તેણે કહ્યું કે મેં ઈન્જીલથી જાણ્યું કે હઝરત મોહમ્મદ(સ.અ.વ.) અલ્લાહના રસૂલ છે અને આપના વાલીદ હઝરત અલી(અ.સ.) તેમના વઝીર અને વસી છે અને પછી તેણે તે અંબિયા(અ.મુ.સ.)ની તસ્વીરો મંગાવી

અને એક પછી એક ઈમામ હસન(અ.સ.)ને બતાવી. ઈમામ હસન(અ.સ.) એક–એક તસ્વીર જોતા ગયા અને કહેતા ગયા, આ હઝરત આદમ(અ.સ.)ની તસ્વીર છે, આ બીબી હવ્વાની છે, આ હઝરત શીશની છે, આવી રીતે ઈમામ હસન(અ.સ.)એ અંબિયા(અ.મુ.સ.)ની તસ્વીરની ઓળખ બતાવી, અને પછી જે બાદશાહોની તસ્વીર હતી તેની માટે ઈમામ હસન(અ.સ.)એ કહ્યું કે આ એ લોકોની તસ્વીર છે કે જેમનો ઝિક્ર ન તો તૌરેતમાં છે ન તો ઈન્જીલમાં છે, ન તો કુરઆનમાં છે.

આ સાંભળીને કૈસરે રોમે કહ્યું કે એહલેબૈતે મોહમ્મદ(અ.મુ.સ.)થી તમારા માટે હું ગવાહી આપું છું કે અલ્લાહે અવ્વલીનથી આખેરીનનું ઈલ્મ તમને અતા કર્યુ છે.

જયારે કૈસરે રોમે ઈમામ હસન(અ.સ.)ને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની તસ્વીર બતાવી તો ઈમામ હસન(અ.સ.) રોવા લાગ્યા અને કહેવા લાગ્યા આ મારા નાના અને ખાતેમુલ અંબિયા હઝરત મોહમ્મદ મુસ્તુફા(સ.અ.વ.)ની તસ્વીર છે.

કૈસરે રોમ કહે છે મેં ઈન્જીલમાં વાચ્યું હતું કે આખરી રસૂલે તેમના નવાસાને જાએદાદ હીબાહ કરી હતી તો શું તમારી પાસે એ જાએદાદ છે.

તો ઈમામ હસન(અ.સ.)એ કહ્યું 'અમારા નાનાએ જાએદાદ આપી હતી પણ ઉમ્મતે અમને એનાથી મહેરૂમ કરી દીધા છે.'

કૈસરે રોમે કહ્યું 'આ ઉમ્મતે તમારા ઉપર પહેલો ઝુલ્મ એ કર્યો કે તમને જાએદાદથી મહેરૂમ કર્યા અને બીજો ઝુલ્મ તમારાથી ખિલાફતને છીનવી લીધી હકીકતમાં તમેજ આના હકદાર છો.'

પછી તેમણે ઈમામ હસન(અ.સ.)ને પૂછ્યું 'અચ્છા બતાવો કે રિઝ્ક કયાંથી આવે છે?' ઈમામ(અ.સ.)એ કહ્યું 'ચોથા આસમાન પરથી જરૂર પૂરતું રિઝ્ક ઝમીન ઉપર લાવવામાં આવે છે.'

કૈસરે રોમે પુછ્યું 'મર્યા પછી મોમીનની રૂહ કયાં જમઅ થાય છે?' ઈમામ(અ.સ.)એ કહ્યું 'મોમીનની રૂહને દર શબે જુમ્આએ બયતુલ મુકદ્દસના એક પહાડ પાસે જમ્અ કરવા આવે છે જયાંથી અલ્લાહે ઝમીન બીછાવવાનું શરૂ કર્યુ હતું અને આ જ જગ્યાએથી તે ઝમીનને લપેટવાનું શરૂ કરશે.'

કૈસરે રોમે પુછ્યું 'કાફિરની રૂહ કયા જમઅ થાય છે?' ઈમામ(અ.સ.)એ કહ્યું 'યમનની વાદીમાં આ રૂહોને જમ્અ કરવામાં આવશે અને જયારે કયામત બરપા થશે તો અલ્લાહ તમામ લોકોને બય્તુલ મુકદ્દસના પહાડ પાસે લઈ આવશે અને એહલે જન્નત જમણી બાજુ અને

એહલે જહન્નમ ડાબી બાજુ હશે અને પછી જન્નતવાળા જન્નતમાં દાખલ થઇ જશે અને જહન્નમવાળા જહન્નમમાં દાખલ થશે.'

કૈસરે રોમે યઝીદને મુખાતબ થઇને કહ્યું કે 'આ ઈલ્મ માત્ર નબી કે તેના વસી જ જાણી શકે છે અને જે કોઇ તેના મુકાબલામાં આવશે તે ગુમરાહ છે.'

કૈસરે રોમે મોઆવીયાને લખ્યું કે 'તું તારી જાતને હકના મુકાબલામાં ન લાવ નહીતર આખેરતનો અઝાબ તારો મુકદ્દર બની જશે.' અને પછી મૌલા અલી(અ.સ.)ને પણ એક પત્ર લખ્યો કે 'હું ગવાહી આપું છું કે તમે હક અને સદાકતના અલમબરદાર છો અને તમેજ ઓલુમે અંબિયાના વારસદાર છો જે કોઇ આપથી જંગ કરે તે બાતિલનો પેરવકાર અને દોઝખી છે.'

*(તફસીરે કુમ્મી, જિલ્દ-૨, પેજ નં. ૨૬૭, ૨૬૮)*

**આવો! અઝીઝો અલ્લાહથી દુઆ કરીએ કે પંજેતન પાકની આ અઝીમ શખ્સીય્યતના વાસ્તામાં ઝમાનાના ઈમામ(અ.સ.)નો જલ્દી ઝહુર કરે અને તેમના થકી હકને જાહેર કરે અને બાતિલનો નાશ કરે. ઈલાહી આમીન.**

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઇટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com